# સારાંશ

## ટીપીએલ-ડી (ડી) દ્વારા (કેસ નંબર ૨૦૩૫/૨૦૨૧) માનનીય કમીશન સમક્ષ દાખલ કરવામાં આવેલી અરજી

## ટોરેન્ટ પાવર લીમીટેડ- દહેજ સપ્લાય એરિયા

**પૂર્વભૂમિકા**

૧.૧ જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન ૨૦૧૬ ની જોગવાઇઓ મુજબ ટીપીએલ-ડી (ડી) એ આ અરજી માનનીય કમિશન સમક્ષ નીચેની વિગતોની મંજુરી મેળવવા કરેલ છે.

1. નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે એઆરઆરનું ટ્રુ અપ અને નિયંત્રીત/ અનિયંત્રીત પરિબળોને લીધે થયેલ ફાયદા/ નુકશનની વહેંચણી
2. નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે એઆરઆરનુ નિર્ધારિણ
3. નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ ની ખાધ/પુરાંતનુ નિર્ધારિણ
4. નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે વિજદરનું નિર્ધારિણ

**નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે ટ્રુ-અપ**

૧.૨ માનનીય કમિશને નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે ટીપીએલ-ડીના સુધારેલા એઆરઆરની મંજુરી ૧૭મી જુલાઇ, ૨૦૧૯ (કેસ નંબર ૧૭૬૬/૨૦૧૮) ના એમટીઆર ઓર્ડર દ્વારા આપેલ છે. જે નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટેના સુધારેલા અનુમાનો પર આધારિત હતી. એઆરઆરની મંજુરી નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ ની વાસ્તવિક વિગતો પર થનાર ટ્રુ-અપ પર આધારિત છે.

૧.૩ ટીપીએલ-ડીએ જીઇઆરસી મલ્ટીયર ટેરીફ રેગ્યુલેશન મુજબ માનનીય કમિશના ૧૭ મી જુલાઇ ૨૦૧૯ (કેસ નંબર ૧૭૬૬/૨૦૧૮) ના એમટીઆર ઓર્ડરના આધારે ટ્રુ-અપ માટેની અરજી કરેલ છે.

૧.૪ ટીપીએલ-ડીએ એઆરઆરના ટ્રુ-અપ માટે નીચેના માપદંડો ધ્યાનમાં લીધેલ છે:

a) વીજળીની ખરીદી મિશ્રણ, જથ્થા અને કિંમતમાં થતા ફેરફારના કારણે વીજળીની ખરીદ ખર્ચમાં થતો બદલાવ

b) ફીક્સડ ખર્ચો, જેમ કે ઓ એન્ડ એમ ખર્ચ, ઘસારો, વ્યાજ ખર્ચ, ઇક્વિટી પર મળવપાત્ર નફો, આવક વેરો અને નોન-ટેરીફ આવકમાં થતા બદલાવ

c) નિયંત્રિત અને અનિયંત્રિત પરિબળોને ગણતરીમાં રાખીને ફાયદા/નુકશાન ની વહેંચણી

૧.૫ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે વીજળીની જરુરીયાત વાસ્તવિક વીજ વેચાણ અને વાસ્તવિક વીજ વિતરણ લોસ પર આધારિત છે. દહેજ પુરવઠા વિસ્તારનુ વેચાણ ૪૫૩.૦૩ એમયુ છે. નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે વાસ્તવિક વીજ વિતરણ લોસ ૦.૪૯

ટકા થયેલ છે.

૧.૬ ટ્રુ-અપ એઆરઆરની ગણતરી વસ્તવિક ખર્ચા અને ૧૭ મી જુલાઇ ૨૦૧૯ના એમટીઆર ઓર્ડર (કેસ નંબર ૧૭૬૬/૨૦૧૮) મુજબ મંજુર કરેલ ખર્ચાને ધ્યાનમાં લઇને કરવામાં આવી છે. કિંમત, જથ્થા અને સ્ત્રોતમાં થતા બદલાવને કારણે વીજળીની ખરીદ કિંમતમાં થતો ફેરફાર અનિયંત્રિત છે અને તે મુજબ, તે એઆરઆરમાં ધ્યાને લેવામાં આવેલ છે. દહેજના સપ્લાય વિસ્તાર માટે માનનીય કમીશનના ૧૭ જુલાઇ, ૨૦૧૯ (કેસ નંબર ૧૭૬૬/૨૦૧૮) ના એમટીઆર ઓર્ડર દ્વારા નિર્ધારિત કરેલ વીજ વિતરણ લોસની સરખામણીમાં વાસ્તવિક વીજ વિતરણ લોસ ઘટેલ છે જ્યારે ઓ એન્ડ એમ ખર્ચમાં વધારો થયેલ છે.

૧.૭ દહેજ સપ્લાય વિસ્તારના અન્ય ફીક્સ્ડ ખર્ચાઓ જેમ કે વ્યાજ ખર્ચ, ઘસારો, ઇક્વિટી પર મળવાપાત્ર વળતર, આવકવેરો અને નોન-ટેરીફ આવકને દરેકનાં નિયંત્રીત/અનિયંત્રીત પરિબળોના વર્ગીકરણનાં આધારે ટ્રુ-અપ કરવામાં આવેલ છે. એ પ્રમાણે ફાયદા/નુકશાનની વહેંચણી કરી, એઆરઆરનું ટ્રુ-અપ કરવામાં આવેલ છે. આ રીતે ટ્રુઇંગ અપ કરેલ એઆરઆરને નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૧: નાંણાકિય વર્ષ ૨૦૨૦-૨૧ માટે દહેજ સપ્લાય વિસ્તારનું ટ્રુ અપ કરેલ એઆરઆર**

| રૂ.કરોડમાં | | |
|---|---|---|
| એમટીઆર આર્ડર મુજબ એઆરઆર | (એ) | ૨૦૧.૪૨ |
| અનિયંત્રીત પરિબળોને કારણે ફાયદા/(નુકશાન) | (બી) | (૧૩.૪૧) |
| નિયંત્રીત પરિબળોને કારણે ફાયદા/(નુકશાન) | (સી) | |
| ટેરીફ તરીકે પાસ-થ્રુ | ડી=-(બી+૧/3 સી) | ૧૩.૪૧ |
| ટ્રુ-અપ એઆરઆર | ઇ= એ+ડી | ૨૧૪.૮૩ |

૧.૮ ટીપીએલ-ડી(ડી) જણાવે છે કે માનનીય કમિશનના ૦૧ એપ્રિલ, ૨૦૨૦ના ઓર્ડર મુજબ જીઇઆરસી દ્વારા મંજુર કરેલ અગાઉના વર્ષની ખાધ/(પુરાંત)ની સામે વસૂલાત પેટે રુ ૦.૯૩ કરોડની પુરાંત થાય છે. તદનુસાર, ટીપીએલ દ્વારા તેને ધ્યાને લીધેલ છે.

૧.૯ આમ ઉપર મુજબ, ટ્રુ-અપ થયેલા એઆરઆરની સરખામણી વાસ્તવિક વીજળીના વેચાણની આવકમાં અગાઉના વર્ષોની ખાધ/(પુરાંત)ને ધ્યાને લીધા બાદ તારવેલી આવક સાથે કરી નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ની ખાધ/પુરાંત તારવવામાં આવી છે. જે નીચે દર્શાવેલ કોષ્ટકમાં આપેલ છે.

**કોષ્ટક ૨: નાંણાકિય વર્ષ ૨૦૨૦-૨૧ માટે દહેજ સપ્લાય વિસ્તારના આવકની ખાધ/(પુરાંત)**

| રૂ.કરોડમાં | વાસ્તવિક |
|---|---|
| ટ્રુ-અપ એઆરઆર | ૨૧૪.૮૩ |
| | |

| રૂ. કરોડમાં | વાસ્તવિક |
|---|---|
| વિજળીના વેચાણથી થતી આવક | ૨૧૦.૮૭ |
| બાદઃ જીઇઆરસી દ્વારા મંજુર કરેલ અગાઉના સમયની ખાધ/(પુરાંત) | (0.૯૩) |
| **બાકીની આવક** | **૨૧૧.૮૦** |
| | |
| **ખાધ/(પુરાંત)** | **3.03** |

૧.૧૦ ટીપીએલ-ડી(ડી) માનનીય કમિશનને ઉપર દર્શાવેલ ગણતરી મુજબ એઆરઆરની અને આવકની ખાધ/(પુરાંત) મંજુર કરવા માટે અરજ કરેલ છે.

**નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે એઆરઆર**

૧.૧૧ માનનીય કમિશને ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૧ના ઓર્ડર દ્વારા યુટીલીટીને જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ના સિદ્ધાંતો અને પદ્ધતિના આધારે નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ ના એઆરઆર અને વીજ દર નિર્ધારણ માટેની અરજી કરવા નિર્દેશ કરેલ છે. તે મુજબ ટીપીએલએ જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ની જોગવાઇઓ અનુસાર દહેજ સપ્લાય વિસ્તાર માટે નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ ના એઆરઆર અને વીજ દર નિર્ધારણ માટેની અરજી દાખલ કરેલ છે.

૧.૧૨ એઆરઆરના અંદાજે નીચે મુજબ ના અનુમાનો પર આધારીત છે:

એ) વીજ વેચાણના અંદાજો: ગ્રાહકોના અંદાજીત ડેવલપમેન્ટ પ્લાનની મહીતી મુજબ તેમના વીજભાર અને વીજ વપરાશની અંદાજીત માહિતીના આધારે નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટેના અંદાજીત વીજ વેચાણ તારવવામાં આવેલ છે.

બી) વીજ વિતરણ લોસઃ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે દહેજ સપ્લાય એરિયા માટે વીજ વિતરણ લોસ ૨ % પ્રસ્તાવિત કરેલ છે.

સી) વીજ ખરીદી ખર્ચ: વીજ જરુરીઆતને પુરી પાડવા પર્યાપ્ત વીજ સ્ત્રોતોના આધારે વીજ ખરીદી ખર્ચ તારવવામાં આવે છે. ટીપીએલ-ડી(ડી) વીજ જરુરીઆતને પહોંચી વળવા માટે નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫માં કર્યરત થયેલા ડીજેન પ્રોજેક્ટ સાથે લાંબા ગાળાની વીજ ખરીદીની વ્યવસ્થા કરેલ છે. પરંતુ, વીજળીની માંગ ડીજેન પ્રોજેક્ટમાંથી વીજળીની ખરીદી કરવા યોગ્ય સ્તરે પહોંચી ન હોવાથી, ટીપીએલડી(ડી)એ ડીજેન પ્રોજેક્ટમાંથી વીજળીની ખરીદી કરવાની દરખાસ્ત કરી નથી. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે ટીપીએલ-ડી(ડી)એ વીજ જરુરીઆત દ્વિપક્ષીય કરાર/ પાવર એક્ષચેન્જ અને પુન:પ્રાપ્ય (રિન્યુએબલ) ઉર્જા સ્ત્રોતો દ્વારા પુરી કરવા દરખાસ્ત કરેલ છે.

ડી) મૂડી ખર્ચ યોજના: ગ્રાહકોની માંગને પહોંચી વળવા તેમજ વિશ્વસનીય અને ગુણવત્તાયુક્ત વીજળી આપવાના હેતુથી ટીપીએલએ વીજ વિતરણ નેટવર્કના વિકાસ માટે યોગ્ય મૂડી રોકાણ ની યોજના બનાવી છે. દહેજ સપ્લાય એરિયાના મહત્વના મૂડી ખર્ચમાં ઇએચવી યોજનાઓમાં રૂ.૧૪.૨૯ કરોડ, એચવી યોજનાઓમાં રૂ.૦.૬૯ કરોડ, એલટી નેટવર્ક યોજનાઓમાં રૂ.૦.૬૬ કરોડ, અને મીટરિંગ, ગ્રાહક સેવાઓ, આઇટી, બાંધકામ વગેરે પેટે રૂ.૧.૫૨ કરોડ રજુ કરેલ છે.

ઇ) ઓ એન્ડ એમ ખર્ચ: દહેજ એસઇઝેડ વિકાસના તબક્કે છે. પરંતુ, ટીપીએલે એમવાયટી રેગ્યુલેશન્સ, ૨૦૧૬ માં નિર્દિષ્ટ પદ્ધતિ મુજબ ઓ એન્ડ એમ ખર્ચનો અંદાજ લગાવ્યો છે.

એફ) ઘસારો , વ્યાજ ખર્ચ, કાર્યકારી મૂડી પરનો વ્યાજ ખર્ચ, ઇક્વિટી પર મળવાપાત્ર વળતર વગેરેની ગણતરી જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ અનુસાર કરવામાં આવી છે.

૧.૧૩ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે દહેજ સપ્લાય એરિયા માટે નિર્ધારિત એઆરઆર નીચે કોષ્ટકમાં આપેલા છે

**કોષ્ટક ૩: નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે દહેજ સપ્લાય એરિયાના એઆરઆર**

| રૂ.કરોડમાં | નાંણાકિય વર્ષ ૨૦૨૨-૨૩ |
|---|---:|
| પાવર પરચેઝ | ૨૭૮.૧૪ |
| ઓ એન્ડ એમ ખર્ચ | ૧૦.૫૧ |
| ઘસારો | ૭.૪૮ |
| વ્યાજ ખર્ચ | ૩.૭૫ |
| કાર્યકારી મૂડી પર વ્યાજ | - |
| સીક્યોરીટી ડિપોસીટ પર વ્યાજ | ૧.૭૯ |
| ઘાલખાધ | - |
| કન્ટિન્જસી રીઝર્વ | ૦.૯૫ |
| ઇક્વિટી પર મળવાપાત્ર વળતર | ૬.૫૧ |
| આવક વેરો | - |
| બાદ: બિન-ટેરિફ આવક | ૫.૯૬ |
| એઆરઆર | **૩૦૩.૧૭** |

૧.૧૪ ટીપીએલ વધુમાં જીઇઆરસી (ડિમાન્ડ સાઇડ મેનેજમેન્ટ) રેગ્યુલેશન્સ, ૨૦૧૨ અનુસાર દહેજ સપ્લાય વિસ્તાર માટે નિયંત્રીત સમયગાળા માટેની ડીએસએમ યોજના માનનીય કમીશન સમક્ષ રજુ કરવા દર્શાવેલ છે. આ બાબતે, ટીપીએલ-ડી(ડી) ડીએસએમ યોજનાના અમલીકરણ માટે માનનીય કમિશન સમક્ષ અલગથી રજુઆત કરશે.

**નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટેની ખાધ /(પુરાંત)નું વિશ્લેષણ :**

૧.૧૫ અંદાજીત બેઝ એફપીપીપીએ સહિત હાલના વીજદરે અંદાજીત વીજ વેચાણ ઉપર અંદાજીત કરેલ આવક અનુસાર નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ની ખાધ/(પુરાંત) તારવવામાં આવેલ છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ ની ખાધ/(પુરાંત)નો સારાંશ નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૪: નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે દહેજ પૂરવઠા વિસ્તારના આવકની ખાધ /(પુરાંત)**

| **રુ. કરોડમાં** | |
|---|---|
| એઆરઆર | ૩૦૩.૧૭ |
| બાદ : | |
| વર્તમાન વીજદર સાથેના રુ.૦.૫૭ પ્રતિ યુનીટ ના બેઝ એફપીપીપીએથી થતી આવક સહીત વીજળીના વેચાણથી થતી આવક | ૨૯૫.૩૩ |
| | |
| | |
| **ખાધ/(પુરાંત)** | **૭.૮૪** |

ટીપીએલ-ડી(ડી)એ માનનીય કમિશનને ઉપર દર્શાવેલ ખાધ/(પુરાંત)ને મંજુર કરવા રજુઆત કરેલ છે.

૧.૧૬ ટીપીએલ-ડી(ડી) એ માનનીય કમિશનને મંજુર કરેલ/ નિર્દિષ્ટ કરેલ પદ્ધતિ મુજબ કેરીંગ કોષ્ટ ગણેલ છે. તે મુજબ, ટીપીએલ-ડીએ માનનીય કમિશનને નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ની ખાધ/(પુરાંત) ઉપરાંત માનનીય કમિશનએ મંજુર કરેલ/ નિર્દિષ્ટ કરેલ પદ્ધતિ મુજબ કેરીંગ કોષ્ટ સહીત ઉપરોક્ત બાકી રહેતા નાણા ધ્યાને લેવા દરખાસ્ત કરેલ છે.

૧.૧૭ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટેના દર નિર્ધારણ માટેની આવકની ખાધ/(પુરાંત)નો સારાંશ નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૫: નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના દર નિર્ધારણ માટે દહેજ પૂરવઠા વિસ્તારના આવકની સંચિત ખાધ/(પુરાંત)**

| **રુ. કરોડમાં** | |
|---|---|
| નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે ખાધ/(પુરાંત) | ૩.૦૩ |
| વ્યાજખર્ચ (કેરીંગ કોષ્ટ) | ૪.૮૨ |
| | |
| નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ ની ખાધ/(પુરાંત) | **૭.૮૪** |
| | |
| **વીજદર મારફતે વસુલવા યોગ્ય સંચિત ખાધ/(પુરાંત)** | **૧૫.૬૯** |

૧.૧૮ ટીપીએલ-ડીએ રુ. ૧૫.૬૯ કરોડની સંચિત ખાધની વસુલાત નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન તા. ૧ એપ્રીલ, ૨૦૨૨થી વીજદરમાં રુ.૦.૨૪ પ્રતી યુનીટના વધારા દ્વારા કરવાનો પ્રસ્તાવ કરેલ છે.

૧.૧૯ વધુમાં, માનનીય કમીશન/ માનનીય ટ્રિબ્યુનલ સમક્ષની બાકી રહેલ સુધારા અરજી/સમીક્ષાઓના નિર્ણયો સંબંધિત ખાધ/ કેરીંગ કોસ્ટને રેગ્યુલેટરી ચાર્જ દ્વારા વસૂલવા માટે પ્રસ્તાવિત કરેલ છે.

૧.૨૦ ટીપીએલ જણાવે છે કે તેમને તેના લાઇસન્સ વિસ્તારોમાં "ગ્રીન ટેરિફ" પ્રસ્તુત કરવા અંગેની રજૂઆતો પ્રાપ્ત થયેલ છે. પરંતુ માનનીય કમીશન દ્વારા "ગ્રીન ટેરિફ" ગણવા માટેની ચોક્સ પધ્ધતી નિર્દિષ્ટ કરેલ નથી. આથી, નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે, ટીપીએલએ દીનદયાળ પોર્ટ ટ્રસ્ટ માટે નક્કી કરાયેલ વર્તમાન "ગ્રીન ટેરિફ" અનુસાર રૂ.૦.૫૦ પ્રતી યુનીટ ના "ગ્રીન ટેરિફ"ની દરખાસ્ત કરેલ છે.

૧.૨૧ વીજદરના સુચીત ફેરફારના સારાંશ **એનેક્ષર – ૧** માં આપવામાં આવેલ છે.

દાદ :

૧.૨૨ ટીપીએલ-ડી(ડી) હાલની અરજી દહેજ સપ્લાય વિસ્તાર માટેના નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના ટ્રુઇંગ-અપ, નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ ના એઆરઆર અને નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે વીજ દર નિર્ધારણ માટે દાખલ કરેલ છે.

૧.૨૩ હકીકતો અને સંજોગોના આધારે, ટીપીએલ-ડી(ડી) માનનીય કમિશનને નીચે મુજબ અરજી કરેલ છે:

એ) નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના ટ્રુઇંગ-અપ, નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે એઆરઆર, અને નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ ના વીજદર નિર્ધારણ માટે ની પીટીશનની સ્વીકૃતી.

બી) નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના ટ્રુઇ-અપ ખાધ/(પુરાંત)ની મંજુરી.

સી) નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના ટીપીએલ-ડી દ્વારા પ્રસ્તાવિત ફાયદા/નુકશાનની વહેંચણીની મંજુરી.

ડી) નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટેના એઆરઆરની મંજુરી.

ઇ) સંચિત ખાધ/(પુરાંત)ની મંજુરી.

એફ) વ્હીલીંગ એઆરઆર અને એને અનુરુપ વીજવહન માટેના દરની તા. ૧ લી એપ્રિલ, ૨૦૨૨ થી મંજુરી

જી) દરખાસ્ત કરેલ સુધારેલા રીટેલ વીજદર થકી વસુલાતની મંજુરી

એચ) ટીપીએલ-ડી(ડી) દ્વારા માનનીય ટ્રીબ્યુનલ/માનનીય કમિશનમાં કરેલી સુધારા અરજી/સમીક્ષાઓના નિર્ણયો અનુસાર ખર્ચાઓની વસુલાત માટેની મંજુરી.

આઇ) ભવિષ્યમા અરજીમાં ઉમેરો/સુધારા/ફેરફાર/બદલાવો માટેની પરવાનગી.

જે) ટીપીએલ-ડી(ડી) ને કાર્યવાહી દરમ્યાન અસરકારક પ્રસ્તુતી માટે સમયાનુસાર જરૂરી દલીલો અને દસ્તાવેજો ફાઇલ કરવા માટેની પરવાનગી.

કે) માનનીય કમીશનને યોગ્ય લાગતી અન્ય રાહત, આદેશ અથવા નિર્દેશોની વિનંતિ

એલ) કોઇ પણ અજાણતા થયેલી ગફલત/ભૂલ/તફાવત/ખામીઓની માફી

**એનેક્ષરઃ દહેજ સપ્લાય વિસ્તાર માટે ના સુચીત દરોના ફેરફાર:**

| ક્રમ | કેટગરી | એનર્જી ચાર્જ | |
|---|---|---|---|
| ૧. | **એચટીપી-૧** | ૫૦૦ કેવીએ સુધીની બિલીંગ ડિમાન્ડ | ૨૯૦પૈસા/યુનીટ |
| | | પછીની ૨૦૦૦ કેવીએની બિલીંગ ડિમાન્ડ સુધી | ૩૨૫ પૈસા/યુનીટ |
| | | ૨૫૦૦ કેવીએથી વધુની બિલીંગ ડિમાન્ડ માટે | ૩૩૫ પૈસા/યુનીટ |
| | | એચટી સીઝનલ ગ્રાહકો માટે | ઓફ-સીઝન દરમ્યાન વપરાયેલા યુનિટ ૩૭૫ પૈસા/યુનીટના દરે ચાર્જ કરવામાં આવશે |
| ૨. | **એચટીપી-2** | ૫૦૦ કેવીએ સુધીની બિલીંગ ડિમાન્ડ | ૩૨૫ પૈસા/યુનીટ |
| | | પછીની ૨૦૦૦ કેવીએની બિલીંગ ડિમાન્ડ સુધી | ૩૪૫ પૈસા/યુનીટ |
| | | ૨૫૦૦ કેવીએથી વધુની બિલીંગ ડિમાન્ડ માટે | ૩૫૫ પૈસા/યુનીટ |
| ૩. | **એચટીપી-૩** | ૫૬૫ પૈસા/યુનીટ | |
| ૪. | **આરજીપી** | પ્રથમ ૫૦ યુનિટ | ૩૦૫ પૈસા/યુનીટ |
| | | પછીના ૫૦ યુનિટ | ૩૩૫ પૈસા/યુનીટ |
| | | પછીના ૧૫૦ યુનિટ | ૪૦૦ પૈસા/યુનીટ |
| | | ૨૫૦ યુનિટથી વધુ માટે | ૪૯૦ પૈસા/યુનીટ |
| ૫. | **ટેમ્પરરી સપ્લાય** | ૪૬૫ પૈસા/યુનિટ | |

* ઉપરોક્ત કેટેગરીઓ ઉપરાંત, અન્ય કેટેગરીના એનર્જી ચાર્જમાં પણ રુ ૦.૨૫ પ્રતિ યુનિટનો વધારો કરવામા આવેલ છે.